# ચિરાગે હિદાયત
# ૨૫૨

## આ અઠવાડિયાની મુનાસેબત

૨૦ રજબ/૧૬ માર્ચ : વિલાદતે જનાબે સકીના(સ.અ.)

૨૪ રજબ/૨૦ માર્ચ : વિલાદતે જનાબે અલીઅસગર(અ.સ.)

૨૫ રજબ/૨૧ માર્ચ : શહાદતે ઈમામ મુસા કાઝિમ(અ.સ.)

## જનાબે સકીના(સ.અ.)

જનાબે સકીના(સ.અ.)ની વિલાદત હિ.સ.૫૬માં મદીનાએ મુનવ્વરામાં થઈ. આપ(સ.અ.)ના વાલેદા 'ઈમરઉલ કૈસ'ના પુત્રી જનાબે રૂબાબ હતા. જનાબે સકીના(સ.અ.) ઈમામ હુસૈન(અ.સ.)ના અઝીઝ અને ચાહીતા પુત્રી હતા. જ્યારે આપ(સ.અ.) પોતાના વાલેદાની સાથે કરબલાના સફર પર રવાના થયા ત્યારે આપ(સ.અ.)ની ઉમ્ર ૪ વર્ષની હતી અને આપ(સ.અ.)ના ભાઈ જનાબે અલીઅસગર(અ.સ.) ફક્ત અઢાર દિવસના હતા. આ બંને ભાઈ બહેન કરબલામાં ઉમ્રના લેહાઝથી ખૂબજ નાના હતા પરંતુ એવી અઝીમ કુરબાની અંજામ આપી કે દુનિયા આજ સુધી યાદ કરી રહી છે. ઈમામ હુસૈન(અ.સ.) કે જેઓ કાએનાતની હુજ્જત હતા તેઓ પોતાના છ માસના બાળકને કહ્યું કે "અય મારા લાલ! તમે પોતાની હુજ્જત બયાન કરો." એટલે કે એહલેબૈત(અ.મુ.સ.)નો ઘરાનો તે ઘરાનો છે કે જ્યાં ઉમ્રની કોઈ કૈદ નથી, જ્યાં દરેક પોત પોતાની જવાબદારીને દીન બચાવવા માટે અંજામ આપે છે.

હવે આપણે જનાબે સકીના(સ.અ.)નો ઝિક્ર કરતા મુનાજાતે ઈમામ હુસૈન(અ.સ.) કે જે આપ(અ.સ.) નમાઝે શબમાં કરતા

હતા કે ‘‘અય પરવરદિગાર! મને એવી પુત્રી અતા કર કે જેને હું ખુબજ મોહબ્બત કરૂં અને તે પણ મને ખૂબજ મોહબ્બત કરે. તે મારા સીના ઉપર સૂવે અને તેની નઝદીકીથી મને સુકૂન મળે.’’ ૧,૨૪,૦૦૦ અંબિયાઓનું સુકૂન ઈમામ હુસૈન(અ.સ.) છે અને ઈમામ હુસૈન(અ.સ.)નું સુકૂન જનાબે સકીના(સ.અ.) છે.

આ જ સુકૂન અને ઈત્મેનાનને લઈને ઈમામ હુસૈન(અ.સ.)એ કરબલામાં દરેક મુસીબતોને સહન કરી. અહીં સુધી કે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું ‘‘યા અય્યતોહન નફસુલ મુત્મઈન્ન ઈરજઈ એલા રબ્બેકી રાઝેયતમ મરઝીયહ ફદખુલી ફી એબાદી વદખુલી જન્નતી’’ ‘‘અય નફસે મુત્મઈન્નાહ! તારા પરવરદિગાર તરફ પાછો ફર એવી હાલતમાં કે તું તેનાથી રાજી હોય અને તે તારાથી રાજી હોય, પછી તું મારા બંદાઓમાં દાખલ થઈ જા અને મારી જન્નતમાં દાખલ થઈ જા.’’

ઈમામ હુસૈન(અ.સ.)ની એક ચાર વર્ષની પુત્રીએ કુફા અને શામના રસ્તામાં એક એવો ખુત્બો આપ્યો કે જેનાથી યઝીદ(લા.) અને યઝીદીય્યતને કયામત સુધી લાનતનો હકદાર બનાવીને બાતિલની નિશાની બનાવી દીધો. કદાચને યઝીદને ખબર નહીં હોય કે ખાનદાને રિસાલતની ઔરતો બાળકીઓ હોય કે તેમની કનીઝ, દરેક કુરઆનના તફસીર કરનાર છે. હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) અને ઈમામ અલી(અ.સ.)ની તરબીયતને કારણે પોતાના ખુત્બાઓ વડે બાઝાર અને દરબારમાં એક ઈન્કેલાબ ઉભો કરી શકે છે. જેવું કે જનાબે સકીના(સ.અ.)એ કુફામાં એક અઝીમ ખુત્બો આપ્યો કે કુફાવાસીઓ આપ(સ.અ.)ના ખુત્બાથી

દંગ રહી ગયા. આ ખુત્બાએ લોકોના દિલોને હચમચાવી નાખ્યા અને લોકો ગમના સમુદ્રમાં ડુબી ગયા. આ ખુત્બાનો લોકોની ઉપર એટલો ઉંડો અસર પડ્યો કે તેમને આ વાતનો એહસાસ થયો કે તેઓથી કેટલો મોટો ગુનાહ થઇ ગયો છે અને તે ખુત્બાનો અમુક ભાગ આ છે : ‘‘અલ્લાહના વખાણ કે જેના ઉપર ભરોસો કરૂ છું. અલ્લાહની સિવાય બીજો કોઇ માઅબુદ નથી અને હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) અલ્લાહના બંદા અને રસૂલ છે અને આપ(સ.અ.વ.)ની તાહિર ઔલાદને ફુરાતના કિનારે પ્યાસા ઝબ્હ કરી દેવામાં આવ્યા. અય અલ્લાહ તે તારી મખ્લૂક પાસેથી હઝરત અલી ઈબ્ને અબિતાલિબ(અ.સ.)ની વિલાયતનો અહેદ લીધો અને તેમને આ અહેદની વસિય્યત કરી. પરંતુ મખ્લુકે તારો આ અહેદ તોડી નાખ્યો અને અમીરૂલ મોઅમેનીન હઝરત અલી(અ.સ.)ના હકને ગસ્બ કરી લેવામાં આવ્યો અને શહીદ કરી દેવામાં આવ્યા. તેવી જ રીતે કાલે તેમના જ ફરઝંદ ઈમામ હુસૈન(અ.સ.)ને શહીદ કરી દેવામાં આવ્યા. અય કુફીઓ! તમારી માટે હલાકત છે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ તમારી સાથે શું ખરાબ કર્યુ હતુ કે જેના બદલે તમે તેમના ભાઇ અને મારા દાદા હઝરત અલી(અ.સ.)ની સાથે આવો સુલૂક કર્યો.’’

અલ્લાહતઆલાથી દુઆ છે કે જનાબે સકીના(સ.અ.)ના સદકામાં આપણી પુત્રીઓને પણ આવો હોંસલો અને હિમ્મત અતા કરે તથા દરેક પુત્રી પોતાના બાપના હકમાં પોતાની જવાબદારીને સમજે.

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com